**<u>ફો.કે.નં.15710/2020 ના કામે આંક–૧ તળે હુકમ</u>**

(૧) કેસ રેકર્ડ વંચાણે લીધું. ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ **ભારતીય ફોજદારી ધારા,૧૮૬૦ની કલમ–૧૮૮ તેમજ ગુજરાત પોલીસ અધિનીયમ,૧૯૫૧ની કલમ–૭૦ વિગેરે** મુજબની એફ.આઈ.આર.નોંધી તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આ ગુન્હાનું ચાર્જશીટ રજું કરેલ છે.

(૨) આ તબ્બકે ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ–૧૯૫ વંચાણે લેવામાં આવે તો, **195(1) No Court shall take cognizance :** (*a*)(*i*) of any offence punishable under Sections 172 to 188 (both inclusive) of the Indian Penal Code (45 of 1860), or,........ except on **<u>the complaint</u>** in writing of the public servant concerned or of some other public servant to whom he is administratively subordinate;

(૩) આ સાથે ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ–૨(ડી) વંચાણે લેવામાં આવે તો, **<u>“complaint”</u>** means any allegation made orally or in writing to a Magistrate, with a view to his taking action under this Code, that some person, whether known or unknown, has committed an offence**, <u>but does not include a police report.</u>**

(૪) **નામદાર સર્વોચ્ચ અદાલતે સી.મુનીયાપન અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ તમીલનાડુ (એ.આઈ.આર.૨૦૧૦ સુપ્રિમ કોર્ટ ૩૭૧૮)**ના કેસમાં પેરા નં.૨૦ માં ઠરાવેલ છે કે, *Section 195(a)(i) Cr.P.C. bars the court from taking cognizance of any offence punishable under Sec.188 IPC or abetment or attempt to commit the same, unless, there is a written complaint by the public servant concerned for contempt of his lawful order.*

(૫) આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ પ્રથમ દર્શનીય રીતે જ જયારે ચાર્જશીટના આધારે ભારતીય ફોજદારી ધારા,૧૮૬૦ની **કલમ–૧૮૮ વિગેરેનો** ગુન્હો દાખલ થયેલ હોય ત્યારે આ અદાલતને ગુન્હાનું કોગ્નીઝન્સ લેવા ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ–૧૯૫(૧)(એ)(૧)નો બાધ નડે છે. હવે, હાથ પરના કેસનું રેકર્ડ તપાસતા આ કામે એફ.આઈ.આર.ના આધારે તપાસ કરનાર અમલદારે તપાસ કરી ચાર્જશીટ કરેલ છે. તેવા સંજોગોમાં આરોપી વિરુધ્ધના ગૂન્હામાં જયારે આ અદાલતને ગુન્હાનું કોગ્નીઝન્સ લેવાની જ સતા ન હોય ત્યારે કેસની કાર્યવાહી આગળ ચાલી શકે તેમ ન હોય તેમ ઠરાવી આરોપીને નિદોર્ષ ઠરાવી હાલનો કેસ ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે. અપીલ સમય બાદ જો કોઈ કિમંતી મુદ્દામાલ હોય તો તેનો નિયમ અનુસાર નિકાલ કરી વસુલ આવેલ રકમ સરકારશ્રીની તિજોરીમાં જમા લેવી અને જો કોઈ બિનકીમંતી મુદ્દામાલ હોય તો તેનો નિયમ અનુસાર નાશ કરવો.

**આ આખરી હુકમ આજરોજ વડોદરા મુકામે તારીખ ૧૦મી જુલાઈ, ૨૦૨૧ના રોજ સ્પેશ્યલ સીટીંગ કોર્ટમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**(સમીર રતીલાલ સાંગાણી)**
**૨૨માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**વડોદરા**
**GJ01046**

**/P.A.Jansari/**